# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

## શનિવાર, તા.૦૧ ઓગષ્ટ, ૨૦૨૬

### ૪૧૫. અંદાજ સમિતિની બેઠકઃ–

અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૨૧/૦૭/૨૦૨૬ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ–૨માં મળી હતી.

સમિતિની આ બેઠકમાં સમિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજ આ સચિવાલયને મળેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી. ઉક્ત તપાસમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા થતી વિવિધ વિકાસલક્ષી કામગીરીની માહિતી મેળવી હતી. ત્યારબાદ વિભાગ અંતર્ગત આવતી કામગીરીનું મૂલ્યાંકન, અંત્યોદય કાર્યક્રમ, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આદર્શ નિવાસી શાળાઓ અને સરકારી છાત્રાલયો, તેનું અપગ્રેડેશન અને આધુનિકીકરણ, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અંતર્ગતની કામગીરી, અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહો, ભિક્ષુક અધિનિયમ, ઇ–સમાજ કલ્યાણ પોર્ટલ, વિભાગ તથા તેના હેઠળના નિગમોના મહેકમ, ભરાયેલ તેમજ ખાલી જગ્યાઓ તથા ભરતી અંગેની જોગવાઇઓ, શિષ્યવૃત્તિ અંગેની યોજનાઓ, સાયકલ સહાય, ડૉ. આંબેડકર ચેર સ્કીમ, આંબેડકર આવાસ યોજના, બેંકેબલ વ્યાજ સબસીડી યોજના, ફ્રી શીપ કાર્ડ, આંબેડકર ભવન, સંકલ્પ ભૂમિ, કુંવરબાઇનું મામેરું સાત ફેરા યોજના, સમરસ હોસ્ટેલ, કોમર્શિયલ પાયલટ તાલીમ માટે લોન, પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના, ગટરમાં ગૂંગણામણથી મૃત્યુ પામેલ વ્યક્તિઓના વારસદારોને સહાય, સામૂહિક જૂથ વીમા યોજના તેમજ વિવિધ યોજનાઓ હેઠળ બાકી રહેલ કામો, હાંસલ કરેલ લક્ષ્યાંકો તેમજ ભૌતિક સિધ્ધિઓ, બજેટ અંદાજો, ફાળવવામાં આવેલ બજેટ તેમજ વપરાયેલ બજેટ વગેરે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વિવિધ મુદ્ધાઓ ઉપર ભલામણો સાથે સમિતિએ માંગેલ વધારાની માહિતી સમયસર સમિતિને મોકલી આપવાની સૂચના સાથે સમિતિએ વિભાગની આજના દિવસની તપાસ પૂર્ણ કરી અધૂરી રાખેલ તપાસ આગામી બેઠકમાં હાથ ધરવાનું નક્કી કર્યુ હતુ.

સમિતિની બેઠક બપોરના ૦૨–૧૯ કલાકે પૂરી થઇ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**